# નવલિકાઓ

## જયંતીભાઈ પટેલની નવલિકાઓ

( જે નવલિકા વાંચવી હોય
એના નામ પર ક્લીક કરો )


૧. ખાતા દીઠ રૂપિયો
૨. ઘરને હિસાબે પરઠણ
૩. મોટાભાઈનો રમણિયો
૪. અગમનિગમની વાત
૫. ગુલાબનો ડંખ


## પુસ્તકાલયનું વિવિધ સાહિત્ય

(જે વિભાગ વાંચવો હોય
એના પર ક્લીક કરો)


નવલકથાઓ
કાવ્યો
રમૂજ
રસોઈઘર

## ખાતા દીઠ રૂપિયો — જયંતીભાઈ પટેલ

ચરોતરની મધ્યમાં આવેલા એક મધ્યમ કક્ષાના ગામની આ વાત છે. ગામની ખેતીલાયક જમીન ઘણી ને એનો વહીવટ કરવા માટે ગામના એકમાત્ર અમલદાર ગામના તલાટી રવિશંકર.

આ તલાટીને એક દીકરો નરભો (નરભેશંકર). નરભો ભણવામાં ઘણો હોશિયાર. ખભે દફતર ભેરવીને એ ત્રણ ગાઉ દૂર શહેરની શાળામાં ભણવા જાય. એટલું ચાલીને જાય અને સાંજે એટલું ચાલીને આવે તોય ભણવામાં એનો નંબર પહેલો. નિશાળમાં માસ્તરોના પણ એના પર ચાર હાથ.

તલાટીય મહિનામાં બેચાર વખત સરકારી કામે શહેરમાં જાય ત્યારે નરભાની શાળામાં અચૂક આંટો મારે. બધા માસ્તરો એમને કાયમ કહ્યા કરે : 'તમારો નરભો ભણવામાં ઘણો હોશિયાર છે એને તમે ઈજનેરીનું કે દાકતરીનું ભણાવજો કે પછી બેરિસ્ટર બનાવજો.'

રવિશંકર તલાટી ઘેર આવી હિસાબ કરે અને એમ કરતાં અર્ધેથી જ અટકી જાય. એમનો પોતનો પગાર મહિને ૧૧ રૂપિયા. એમાં ફક્ત ઘર ચાલે ને મહિને રૂપિયોરોડો બચત થાય. આ રૂપિયારોડાની મદદથી નરભાને મુંબઈની કૉલેજમાં ભણાવાય નહીં કે દાકતર કે વકીલ બનાવાય પણ નહીં. મેટ્રિકમાં સારી રીતે પાસ થઈ જાય એટલે રેલ્વેમાં કે મામલતદારની કચેરીમાં નોકરી મળી જાય. આટલું થાય તોય ગંગા નાહ્યા એમ મન મનાવે.

એ ચાહે એટલું મન મનાવવા પ્રયત્ન કરે પણ છેવટે તો પેલું બાપનુ હૈયું ને! એમણે ચોરામાં આવતા જતા એકબે આગેવાનોને મોઘમ વાત કરી જોઈ : 'નરભાને આવતે વરસે આગળ ભણવા મુંબઈ મોકલવનો વિચાર છે. આપણા ગામના ભવાનભાઈ મુંબઈ રહે છે તે એમને બેબોલા પૂછી જોજો ને કે મહિને કેટલો ખર્ચો આવે?'

પછી તો વાતને જાણે પાંખો આવી. ભવાનભાઈએ બધી તપાસ કરીને જાણાવ્યું કે રહેવાની ને ખાવાની વ્યવસ્થા તો હું મારા શેઠની ધરમશાળામાં મફત કરાવી દઉં. બદલામાં ધરમશાળાની દેખરેખ રાખવાની ને એના નાનામોટા હિસાબ રાખવાના. તોય કપડાંના ફીના ને ચોપડીઓના ને બીજા પરચૂરણ મળીને વરસે પાંચસો તો થઈ જ જાય. દાકતરીને બદલે બીજું ભણાવવું હોય તો દોઢસો બસોમાં પતી જાય.

તલાટીને તો જાણે વાત માંડીવાળવા માટે આધાર જ જોઈતો હતો. કાગળ વાંચી એમણે ગલ્લામાં મૂકી દીધો. કાં રેલ્વેમાં કે કાં મામલતદારની કચેરીમાં નોકરી જ. લ્હેરથી જીવાશે એનાથી.

પણ જેણે મુંબઈ તપાસ કરવા કાગળ લખ્યો હતો એ આગેવાને તલાટીને વળી પૂછ્યું : 'પછી નરભાને આગળ ભણાવવાનું શું નકકી કર્યું? આવતે મહિને તો પરિણામ આવશે ને મને તો ખાતરી છે કે નરભો ઊંચે નંબરે પાસ પણ થઈ જશે.'

રવિશંકર કહે : 'સાચું કહું પટેલ, આ તો કયાસ કઢાવી જોયો. બાકી આ અગિયાર રૂપિયાના પગારમાં એ છોકરાને મુંબઈનું ભણાવવાનું મારું કંઈ ગજુ?'

પટેલ કહે : 'સાચું કહેજો તલાટી, આજ સુધીની નોકરીમાં તમે કુલ કેટલા બચાવ્યા છે?'

'મારી સાત વરસની નોકરીની જે બચત હોય એ બધી રૂપિયા ૧૮૦ પોસ્ટ ઓફિસમાં

પડી છે. એમાં તો પહેલા વરસનો ખર્ચોય ના નીકળે. પછી બીજાં પાંચ વરસનું શું?'

પેલા આગેવાન બોલ્યા તો કશું નહીં પણ એમના મનમાં કોયડાનો ઉકેલ પડી ગયો હતો. એ સાંજે એમણે ગામના બીજા પાંચસાત આગેવાનોને આ વાત કરી. બધાએ એકમતથી નકકી કર્યું કે ગમેતે ભોગે ટાલાટીના આ છોકરાને ભણાવવો. છોકરો હોશિયાર છે ને પાછો બ્રાહ્મણનો. એને ભણાવવાનું કામ પૂણ્યનું છે.

બે દિવસ પછી એમણે ગામની અઢારેય વરણની એક જાહેર સભા બોલાવી ને એમની વચ્ચે આ વાત મૂકી. ગામના બધા ખાતેદાર ખેડૂતો છો વરસ સુધી ખાતા દીઠ વરસે એકએક રૂપિયો આ છોકરાના ભણતર માટે મહેસૂલ ભરતી વખતે વધારાનો આપે એવી વાત મૂકી.

નારણ મતાદાર કહે : 'ભાઈઓ આ પંચનો બોલ છે. ને બધાએ આ નકકી કર્યા પરમાણેનો ફાળો આપવાનો છે. વખત છે ને કોઈને આ વધારે પડતો હોય તો મારી પાસેથી લઈ જઈનેય ચોરે ભરી આવજો. આ પૂન્યનું કામ છે એટલે ભગવાન કરશે તો હવે પછીનાં વરસ એવાં જશે કે કોઈને કોઠીએ ધાન નહીં ખૂટે.'

ગામના બધા ખેડૂતો સુખી હતા એમ નહીં પણ આ તો પંચનો નો કોલ હતો ને ગામનો સંપ પણ એવો એટલે બધાએ આ વાત વધાવી લીધી.

વખતને જતાં કાંઈ વાર લાગે છે? નરભો મુંબઈમાં કરકસરથી રહ્યો, સારું ભણ્યો અને દાકતર થયો. એ ગામમાં આવ્યો ને પરણ્યો. પાછો મુંબઈ ગયો. જે શેઠની ધરમશાળામાં એ રહેતો અને કામ કરતો હતો એ શેઠે એને આગળ ભણવા જવા માટે વિલાયત મોકલવાની ગોઠવણ કરી આપી. પણ બાંમણનો છોકરો એકલો વિલાયત જાય અને ખાધેપીધે વટલાઈ ન જાય એટલે એની પત્નીને પણ સાથે લઈ જવાની શેઠે વ્યવસ્થા કરી.

આ દરમિયાન તલાટીની બદલી થઈ ગઈ ને એ નાયબ મામલતદાર થઈને તાલુકાના મથકે સ્થાયી થયા. તો નરભેશંકર વિલાયતમાં બે વરસ ભણ્યો ને બીજાં ત્રણ વરસ નોકરી કરી સારું એવું કમાયો ને ગરથ ગાંઠે કરી એનાં બે બાળકો ને પત્ની સાથે દેશમાં પરત આવ્યો. જિલ્લાના મથકે મોટી સરકારી હૉસ્પિટલમાં એને મહિને હજાર રૂપિયાના પગારની નોકરીની નિમણૂંક પણ મળી. ગામલોકોએ આ જાણ્યું ને એમના આનંદનો પાર ન રહ્યો. એમને થયું કે એમને હાથે એક સારું કામ થયું હતું. ગામમાંથી દસપંદર આગેવાનો શહેરમાં તલાટીને ત્યાં જઈ ખુશાલી દર્શાવી આવ્યા. તલાટીએ એમની સારી ખાતરબરદાસ્ત કરી ને તેમને જમાડ્યા. નરભેશંકરે પણ તેમના અને ગામના ખબર પૂછ્યા.

ગામમાં આવી આગેવાનોએ બધાને આ વાત કરી તો બધા બહુ ખુશ થયા. ને ૧૦૦૦ રૂપિયાનો પગાર સાંભળીને તો બધાનાં મોં પહોળાં થઈ ગયાં.

પણ એથીય વધારે પહોળાં થઈ ગયાં જ્યારે ચાર દિવસ પછી એક ઘોડાગાડી આવીને મતાદારને બારણે ઊભી રહી ત્યારે. કાચી ઘડીમાં તો મતાદારને આંગણે પંદર વીસ માણસોનું ટોળું ભેગું થઈ ગયું. ઘોડાગાડીમાંથી દાકતર નરભેશંકર એમનાં પત્ની અને બાળકોને ઊતરતાં જોઈ કેટલાકે બીજાના કાનમાં કહેવા માંડ્યું : 'આ તો પેલા દાકતર છે જેમની વાત કાલે બધા કરતા હતા.'

ત્યાં મતાદાર કોલાહલ સાંભળી ઘરમાંથી બહાર આવી ગયા. એમણે દાકતરને જોયા ને કહ્યુંઃ 'આ તો આપણા દાકતર! અલ્યા ગામમાં બધાને કહી આવો કે આપણા દાકતર ગામમાં બધાને મળવા માટે આવ્યા છે.'

હસીને દાકતર કહે : 'કહેજો મળવા નહીં પણ રહેવા આવ્યા છે. ને મતાદારકાકા

અમારાવાળું ઘર ખાલી છે કે મહીં તમાકુ ભરી છે? કેટલાકને દાકતરનું કહેવું સમજાયું કેટલાકને ન સમજાયું. જ્યારે એમણે ઘોડાગાડીમાં ભરેલો કઠલો જોયો ને દાકતરનુ હસતું મોં જોયું ત્યારે એમનાં મોં આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં. જ્યારે એમણે જાણ્યું કે દાકતર ૧૦૦૦ની નોકરીને ઠોકર મારીને એમના ગામમાં દવાખાનું શરૂ કરવા આવ્યા છે ત્યારે તો એ નાનકડા ગામમાં હલચલ મચી ગઈ.

સાંજે જ્યારે મતાદારને આંગણે અડધું ગામ દાકતરને મળવા ભેગું થઈ ગયું હતું ત્યારે દાકતર કહે : 'મારે અહીં દવાખાનું શરૂ કરવું તો છે પણ મારા પેલા ખાતા દીઠ રૂપિયાનું શું?'

'તમારો ખાતા દીઠ રૂપિયાનો કર ઊભો પણ એમાંથી તો તમારો દૂધઘીનો ખર્ચોય નહીં નીકળે.'

'નીકળશે. વિલાયતમાં મેં ત્રણ વરસ કામ કરીને એટલા તો બચાવ્યા છે. હવે તો જેમણે મારે માટે પેટે પાટા બાંધીને મને દાકતર બનાવ્યો એ ગામનું ઋણ મારે ચૂકવવું છે.'

'પણ પેલી હજાર રૂપિયાની નોકરી !'

'વિલાયતમાં તો મારે એનાથી ચારઘણા પગારની નોકરી હતી પણ હું એ નોકરી કર્યા કરું તો પછી મને ભણાવવા માટે તમે બધાએ કેડ્યો તોડી અને અડધેપેટ રહ્યા એનું દેવું કયે ભવ વાળું? જેમણે ખાતાદીઠ રૂપિયો ભર્યો હોય એમની બધાંની દવા આપણા દવાખાનામાં મફત; કહી દેજો બધાને.' દાકતરે કહ્યું ને બધા દાકતરની ખાનદાની પર વારી ગયા.

થોડા દિવસમાં તો ત્યાં એક સરસ મઝાનું દવાખાનું શરૂ થઈ ગયું. ગામ લોકોય વાતો કરવા માંડ્યા ; 'અમારા દાકતરની તોલ્યે કોઈ ના આવે. ખાટલામાં નાખીને લાવ્યા હોય એય ચાલતા ઘેર જાય. સરકાર એમને હજાર રૂપિયાનો પગાર આપતી હતી તોય એને લાત મારીને આવ્યા છે અમારા ગામમાં.'

આજુબાજુનાં ગામેથીય લોકો ગાડાં લઈને આ દવાખાનામાં આવે છે, કોઈ દાકતરને માટે ઘીની બરણી લાવે છે તો કોઈ શાકપાંદડું લેતા આવે છે. દાકતરના ઘરમાં દાણદૂણી તો ગામલોકો ખૂટવા જ નથી દેતાં. ને પેલો ખાતા દીઠ રૂપિયો લોકો હેતથી ભર્યા કરે છે.'

એ વાત પર બીજાં ચાલીસ વરસ વીતી ગયાં. દાકતરનો દીકરો મનસુખ પણ દાકતર થયો હતો ને મુંબઈમાં સારું કમાતો હતો એ એક દિવસ બધું સમેટીને ગામમાં આવી પહોંચે છે ને જાહેર કરે છે કે એના બાપનુ દવાખાનું એ સંભાળવાનો છે. હા, પેલો ખાતા દીઠ રૂપિયો તો ગામે ચાલુ જ રાખવાનો છે.

મુખ્ય પાન નવલિકા ⇒

# ઘરને હિસાબે પરઠણ — જ્યંતીભાઈ પટેલ

( સમાજના મુખપત્ર પાટીદાર દર્શનના સંપદક મંડળમાં સેવા આપતાં જે કેટલીક સમાજકથાઓ લખાએલી તેમાંની એક અહીં રજૂ કરી છે.)

હમણાં વારકજ ગામમાં બહારના લોકોની અવરજવર વધી ગઈ હતી. વાત એમ હતી કે ગામના સદ્ગત નરસિંહભાઈનો દીકરો મોહન લગ્ન કરવા માટે અમેરિકાથી મહિના માસથી આવ્યો હતો. જાણીતા અને અજાણ્યા માણસો પોતાની દીકરી માટે એમને ત્યાં આંટા મારતા હતા. કાજસરાના મનોર મુખીએ પણ પોતાની દીકરી બતાવી હતી. છોકરી ભણેલી પણ સારું હતી ને દેખાવડી પણ ઘણી એટલે બધાને એમ લાગતં હતું કે એ વાત પાકકી થઈ જશે. વળી મનોર મુખીનું નામ પણ આજુબાજુનાં ગમોમાં પંકાતું ને વારકજમાંથી સવદાસ મતાદારે પણ એની ભલામણ કરેલી એટલે કશો વાંધો આવે તેમ ન હતો. પણ છોકરી બતાવ્યે દસ દિવસ થયા છતાં હજુ મોહન તરફથી કશો જવાબ આવ્યો ન હતો.

જોવો હોય એવો જવાબ પૂછીને એમને જણાવવાનો સંદેશો મનોર મુખીએ સવદાસને મોકલ્યો હતો એટલે સવદાસે મોહનને પોતાને ઘેર બોલાવ્યો. મોહન આવ્યો ત્યારે સવદાસના સરખી ઉંમરના બેચાર જોડીદારો પણ ત્યાં બેઠેલા હતા. એ આવ્યો એટલે સવદાસે મુદ્દાની વાત પૂછી : ‘તે ભાઈ, તારા લગનની વાત કેટલે આવી? કશું નકકી કર્યું કે નહીં?’

‘ના અંકલ, હજુ કશું નકકી નથી કર્યું. કેટલીક છોકરીઓ જોઈ છે.’ મોહને એની વરણાગીમાં જવાબ આપ્યો.

‘તો પછી કરી નાખને નકકી. અમારેય જાનમાં જવાનું થાય. ને મેં તને પેલી મનોર મુખીની છોડી માટે કહ્યું હતું એનામાં તને શો વાંધો આવે છે?’

‘હા અંકલ, એ છોકરી સારી છે પણ એમાં વહેવારનો વાંધો નડે છે એટલે મારાં મધરનું મન જરા કચવાય છે. જો તમે એની ચોખવટ કરાવી આપો તો મને પછી કશો વાંધો નથી.’ મોહન બોલી ઊઠ્યો.

મતાદાર કહે : ‘લે, આટલી ચોખવટ કરવામાં શી મોટી ધાડ મારવાની હતી? કાલે જ ચોખવટ કરાવી આલું. જો તું કહેતો હો તો કાલે સવારે જ મુખીને અહી બોલાવીને તમારી રૂબરૂમાં જ બધી ચોખવટ કરાવી દઉં, પછી છે કાંઈ? પણ મારું માને તો સામે મુખી જેવો માણસ હોય તો આપણાથી ચોખવટની વાત જ ન થાય. એમના વહેવારમાં કશું કહેવાપણું જ ન હોય.’ મતાદારે મુખીની આબરૂની પાળ બાંધવા કોશિશ કરી પણ પેલા અબૂધને એ સમજાય જ કયાંથી?

‘પણ અંકલ, એ તો બિલકુલ પરઠણ આપવાની જ ના પાડે છે. વધારે નહીં તો એમણે અમારા ઘરને હિસાબે તો આંકડો મૂકવો જોઈએ ને!’ મોહને ઠાવકું મોં રાખીને કહ્યું ને મતાદાર મનમાં સમસમીને રહી ગયા. એમને એક વખત તો તડ ને ફડ કહી દેવાનો વિચાર થઈ ગયો પણ આ તો મનોર મુખીનું કામ હતું એટલે કાંઈ ઊંધું ન વેતરાઈ જાય એય જોવાનું હતું.

એમણે સંયમ રાખવાનો પ્રયત્ન કરતાં કહ્યું : ‘મને એમ લાગે છે મોહન, કે મુખી સમાજના આગેવાન છે એટલે એમને પરઠણ આપવામાં પ્રતિષ્ઠાનો વાંધો નડતો હશે. ને મારું માન તો જ્યારે

સામે મુખીના ઘરનો સંબંધ મળતો હોય ત્યારે તમારે પરઠણનો મોહ મૂકી દેવો જોઈએ. મારું માને તો એ ડહાપણનું પગલું ગણાય, પૂછ આ બેઠા છે એમને.'

પણ પેલા અમેરિકાથી કૂકા કમાઈને કે ગ્રીનકાર્ડનો ખિતાબ(!) લઈને આવેલા મોહનને મુખીની એ આબરૂની કિંમત ક્યાંથી સમજાય? એ કહે : 'અંકલ, આમાં પૈસાનો સવાલ નથી, પણ મારાં મધર કહે છે કે એમણે અમારા ઘરને હિસાબે તો પરઠણ આપવી જ જોઈએ. તમે એમને અમારી આટલી વાત સમજાવો. મને ખાતરી છે કે એ તમારી વાત જરૂર માનશે.'

સવદાસ મતાદારને પોતાના ગુસ્સાને કાબૂમાં રાખતાં ઘણી તકલીફ પડી. એમને થયું કે આ મૂરતિયાને કોણે કહ્યું હશે કે મુખી મારી વાત માની જશે? જેણે કહ્યું હોય એણે સાચું જ કહ્યું છે. મુખી મારી વાત જરૂર માનશે પણ હું એમને કેવી વાત કરવાનો છું એની તો મને એકલાને જ ખબર છે. મતાદાર વિચારી રહ્યા. મતાદારે મનમાં જ કોઈ ત્રાગડો રચ્યો પછી કહ્યું : 'જો, મોહન, કાલે મુખીને લઈને અમે બેચાર જણા તમારે ત્યાં આવીશું ને તારાં મધરની રૂબરૂમાં જ પરઠણનો આંકડો નકકી કરી દઈશું. તું ઘેર જ છે ને.'

'તમે આવવાના હો તો હું ઘેર જ રહીશ. અંકલ, આ કામ હવે તમને જ સોંપ્યું. તમે જે કરશો એ બરાબર જ કરશો એનો મને વિશ્વાસ છે.' કહેતાં મોહન ઉત્સાહભેર પોતાના ઘર તરફ વળ્યો ને મતાદારેય કાજસરાનો મારગ પકડ્યો.

◆

બીજે દિવસે બપોરની વેળામાં મનોર મુખી, એમનો એક દોસ્તદાર, મતાદાર અને એમના ગામના બીજા બે આગેવાન સાથે મોહનને ત્યા પહોંચ્યા. જેણે એમને જતાં જોયા એમને મનમાં થઈ ગયું કે મોહનના વિવાહ આજે નકકી થઈ જવાના.

બધા બેઠા એટલે મતાદાર કહે : 'ભાઈ મોહન, તારાં મધર પણ સાંભળે એમ ચોખવટ કરીએ એટલે બધું ફરીવાર કહેવું ન પડે.'

ત્યાં તો અંદરથી મોહનનાં બાનો અવાજ આવ્યો : 'હું અહીં જ બેઠી છું, મોટા. તમે તમારે ચોખવટ કરો. તમારાથી કયાં કશું અજાણ્યું છે?'

હવે સવદાસે ભેરુઓ સામે જોતાં મમરો મૂકયો : 'વહેવારમાં તો તમે ધારતાં હશો એનાથીય અદકો વહેવાર મુખી કરશે. પણ મારું કહેવું માનો તો પરઠણની વાત તમે પડતી મૂકો તો વધારે સારું. મુખીથી પરઠણ અપાય પણ નહીં ને આપણાથી મગાય પણ નહીં. એમને કશી આંટી હશે તો જ મુખી ના કહેતા હશે એમ માની આપણે એ વાત પડતી મૂકવી જોઈએ. કાલે સવારે પાંચ માણસની વચ્ચે બેઠા હોય ને વાત નીકળે કે મુખીએ આટલી પરઠણ આપી હતી તો એમાં મુખીને અને તમારે બેયને શરમાવાનું થાય. એટલે મારું કહેવું છે કે—'

પણ મતાદાર પૂરું બોલી રહે તે પહેલાં જ પેલાં ઘરડાં અંદરથી બોલી ઊઠ્યાં : 'તે અમે કયાં લાખ રૂપિયા માગીએ છીએ? પણ તમે જાતે જ અમારા ઘરને હિસાબે આંકડો નકકી કરો એટલે બસ. તમારું કયાં કશું અજાણ્યું છે?'

સવદાસે મનોર મુખી સામે જોયું, પોતાના મળતિયાનેય ઈશારો કરી દીધો ને શરૂ કર્યું : 'જુઓ, તમે સામે ચાલીને મને આંકડો નકકી કરવાનું સોંપ્યું છે એટલે હું તમારાં બેયનાં ઘરને હિસાબે આાંકડો નકકી કરીશ. કોઈ વચમાં બોલશો નહીં. હું બોલી રહું પછી તમારે હા કે ના જે કહેવું હોય એ કહેજો.'

બધાંએ હકારમાં માથાં ધુણાવ્યાં એટલે મતાદારે આગળ કહેવા માંડ્યું : 'પરઠણનો આંકડો ઘણી બધી રીતે નકકી થાય. એક તો મનોર મુખીના ઘરને હિસાબે. જો એ હિસાબે જોઈએ તો મુખીનું ઘર એવું આબરૂવાળું છે કે એ પરઠણ આપે જ નહીં. બીજી રીતે નકકી થાય તમારા મોહનની લાયકાતને હિસાબે. એમાં તમારા મોહન પાસે જો અમેરિકાની સિટિઝનશીપ હોય તો એનો આંકડો ઊંચો ગણાય. પણ મોહન પાસે ગ્રીન કાર્ડ જ છે એટલે એના પછીનો નંબર ગણાય. કેમ, બરાબર છે ને!'

બધાએ સમજ્યે કે સમજ્યા વગર માથાં ધુણાવ્યાં એટલે મતાદારે આગળ ચલાવ્યું : 'હવે જ્યારે તમે બધાંએ યોગ્ય આંકડો નકકી કરવાનું મારે માથે નાખ્યું છે ત્યારે મારે બધી બાજુનો વિચાર કરીને જ આંકડો નકકી કરવો પડે. ઓતમભાઈ, તમને તો ખબર છે ને કે હું ને નરસિંહ તો ખાસ ભાઈબંધ. ને તમેય કયાં જુદા હતા? આપણે જ તો છેક ભાલના બા'રામાં જઈને એનાં લગન ગોઠવેલાં ને! આપણે આ ઘરડાંના પંદરસો રૂપિયા આપેલા ને!'

વચમાં મોહન કાંઈક બોલવા જતો હતો તેને અટકાવીને મતાદાર કહે : 'એટલે ભાઈ મોહન, તું તારી જાતે જ આંકડો નકકી કરી લે; જો તારી બાના પંદરસો ઉપજ્યા હોય તો તારા કેટલા ગણાય. ચાલો મુખી, એમને એમની જાતે જ આંકડો નકકી કરવા દઈએ. આ જગ્યા તમારે લાયક નથી.'

ને મોહનને લાચારીમાં પગ પછાડતો મૂકી બધા બહાર નીકળી ગયા. પછી શું થયું એ તો રામ જાણે પણ મોહન લીલે તોરણે અમેરિકા પાછો ગયો એ તો આખું ગામ જાણે છે. લોકો કહે છે કે મતાદારે એનું કયાંય ઠેકાણું જ ન પડવા દીધું.

મુખ્ય પાન નવલિકા ⇒

# મોટાભાઈનો રમણિયો　　　　　　લેખક :- જયંતીભાઈ પટેલ

(એક બીજી સમાજકથા)

ફરતાં પંદર ગામમાંથી કોઈ અમારા આશાભાઈને ન ઓળખે એવું બને નહીં. એમના કુટુંબમાં એમનો એકમાત્ર ભાઈ રમણ. રમણ એમનાથી સાત વરસ નાનો. રમણને એમણે કૉલેજમાં ભણવા મોકલેલો. પણ કૉલેજમાં એક વરસની લ્હેર કરીને એ પાછો આવી ગયેલો અને મોટાભાઈની સાથે ખેતીમાં જોડાઈ ગયેલો.

એમને વીસ વીઘાં જમીન અને નહેરનાં પાણી ફરે એટલે એમની ખેતી દીપે પણ ખરી. એમાંથી ઘરખર્ચ નીકળે અને વરસે પાંચસાત હજાર બચે પણ ખરા.

હવે લોકો રમણને માટે પૂછવા આવવા લાગ્યા. આશાભાઈને કોઈકમાં કાંઈક તો કોઈકમાં બીજું વાંકુ પડતું હતું એટલે રમણનું કયાંય ગોઠવાતું ન હતું. વળી કોઈ જગ્યાએ બધું બરાબર હતું ત્યાં આશાભાઈ કહે : 'મારો રમણ મેટ્રિક પાસ છે ને લાખ રૂપિયાનો ધણી છે. જે પચીસ તોલા સોનું ને પંદર હજાર રૂપિયા રોકડા આપે એને ત્યાં જ મારા રમણનો વિવાહ કરવાનો છે. બાકી મારો રમણ એમ કાંઈ વાટમાં નથી પડ્યો.'

કહો, પછી વાત પાટે ચઢે જ શાની? એક તો ગોળમાં કન્યાની અછત અને મોટાભાગનાં ઘર એકલી ખેતી પર નભતાં હોય ત્યાં આશાભાઈના આ ઊંચી કિંમતના મૂરતિયાને મુલવવા કોઈ તૈયાર કયાંથી થાય? વળી કોઈ પરદેશવાળા દીકરી પરણાવવા આવ્યા હોય એને આ મેટ્રિકની ઊંચી લાયકાત ઓછી પડે. પણ રમણભાઈ મનમાં પોરસાયા કરે કે ભાઈએ પોતાનામાં કશીક લાયકાત જોઈ હશે ત્યારે આવી ઊંચી કિંમત મૂકતા હશે ને!

પણ વરસ પર વરસ જવા લાગ્યાં. એમ કરતાં રમણને સત્તાવીસમું બેઠું. એટલે રમણ મનમાં ગભરાવા લાગ્યો. એનેય હવે થવા લાગ્યું કે મોટાભાઈની કિંમતે પોતાને કોઈ નારિયેળ આપવાનું નથી. એણે મોટાભાઈને આ વાત સમજાવવા પ્રયત્ન કર્યો તો આશાભાઈ કહે : 'આ બધા પટલાઈના પેચ છે. તને એમાં સમજણ ના પડે. જો, હું હવે એક તાલ કરું છું. આવતી સાલ બધાય તારે માટે પડાપડી ના કરે તો મને કહેજે.'

પણ મોટાભાઈ આ પટલાઈના પેચ કોની સામે લડાવવાના હતા એ વાતની રમણને ખબર પડે તો ને! 'એક વખત મારું ધાર્યું થઈ જવા દે પછી જો મજા. તારા લગનમાં હું એક લાખ રૂપિયા ના તોડી નાખું તો મને કહેજે. લોકોય કહેશે કે આશાભાઈએ રમણને પરણાવવામાં વાટ જોઈ પણ ઠેકાણુંય સારું ગોત્યું ને લગન પાછળ ખર્ચોય એક નંબરનો કર્યો.' આશાભાઈએ રમણને આભા લાડુ જમાડ્યા.

લાખ રૂપિયા તોડી નાખવાની વાતથી રમણ એવો અંજાઈ ગયો કે બીજું એક વરસ વીતી ગયું એનીય એને ખબર ના રહી. વળી આશાભાઈએ તુકકો લડાવ્યો : 'આજકાલની છોકરીઓને શહેરમાં રહેતો અને નોકરી કરતો ધણી જોઈએ છીએ. હું તને મુંબઈ મારા દોસ્ત વનેચંદની પેઢી પર બેસાડી દઉં પછી જો મજા.'

વળી પાછો રમણ મોટાભાઈની વાતમાં આવી ગયો. મુંબઈની મોજ, શહેરમાં રહેવાનું, ને

લાખ રૂપિયાનો લગનખર્ચ. રમણને મોટાભાઈ માટે માન પેદા થયું. ને એ ઊપડ્યો મુંબઈ સર કરવા.

આ તરફ કોઈકે વાત ઉડાવી કે રમણને ટી.બી. થયો છે એટલે એના ભાઈએ એને દવા કરાવવા છાનોમાનો મુંબઈ મોકલી દીધો છે. તો કોઈકે એવીય વાત ફેલાવી કે એની હોજરીમાં ચાંદું પડી ગયું છે એટલે બધા છોકરીઓવાળા પાછા પડે છે. તો બહાર ગામના કેટલાકે જાણકારની અદાથી કહેવા માંડ્યું કે રમણ મુંબઈમાં કોઈક છોકરીની સાથે પરણ્યા વગર રહે છે. વાતો બધી ક્યાંથી ઊડતી હતી એ કોઈને ખબર પડતી ન હતી પણ આવી વાતને તો જાણે પાંખો હોય એમ ગામેગામ ફરીવળતી હતી. કોઈક સમજુ માણસ કહેતા હતા કે વાત સાચી હોય કે ન હોય પણ એ આશાભાઈનાં સાસરીવાળાંએ જ ઉડાવી હોવી જોઈએ.

આ દરમિયાન આશાભાઈએ પણ લોકોની વાતો સાચી જ હશે એવું બતાવવા માંડ્યું ને ઘર અને જમીનમાંથી રમણનું નામ કઢાવી નાખ્યું. વરસ પછી રમણ થાકીને મુંબઈથી પાછો ઘેર આવ્યો તો આશાભાઈએ એનો ઉધડો લેવા માંડ્યો : 'તને ત્યાં શહેરમાં નોકરી કરવા મોકલ્યો હતો કે આવા તાયફા કરવા? બાપદાદાની થોડીઘણી આબરૂ હતી એય તેં ધોઈ નાખી. અમે તારે માટે કેટલું કરતા હતા? તેં તો અમનેય આખી નાતમાં ભૂંડા દેખાડ્યા. બહાર નીકળ, આજથી તારે ને મારે નાહ્યેય સંબંધ નહીં. તારો ટાંટિયોય હવે મારા ઘરમાં નહીં.

ને રમણ મનમાં ખોટું લગાડીને છપાઈને પાછો શહેર ભણી ભાગ્યો. ચારછો મહિને પાછો આવ્યો ને જમીન અને ઘરમાં પોતાનો ભાગ માગ્યો. આશાભાઈએ તો કાને હાથ દઈદીધા ; 'જમીન અને મિલકત તારી રાખેલીની પાછળ ઉડાડી મૂકવા નથી સાચવી આજ સુધી! ભાગ જોઈતો હોય તો કોરટના દરવાજા ખૂલ્લા છે. જમીન અને મિલકતમાં નામેય મારું છે ને કબજોય મારો છે.'

બેચાર પિતરાઈઓ વચમાં પડ્યા તો આશાભાઈ કહે : 'જો એ એકલો અહીં આવીને રહેતો હોય તો ભેગો ખાય ને પડી રહે ને ખેતીનું કામ કરે. ગમેતેમ તોય હું એનો ભાઈ છું તે મટી જવાનો છું? બાર મહિને પાંચમણ દાણા વધારે.'

ને ત્યારથી આ મોટાભાઈનો રમણિયો ઘેર રહી પડ્યો છે. મોટાભાઈની સાથે રહે છે, ખેતીનું વૈતરું કૂટે છે ને એકઢાળિયા ડેલામાં પડી રહે છે. જ્યારે જૂની વાત યાદ કરે છે ત્યારે એ મનમાં જ પેલા પોતાની વાતો ઉડાવનારાને શાપ દે છે. હજુ એને એના મોટાભાઈનો કોઈ દોષ દેખાય એવી અકકલ એનામાં આવી નથી.

હવે આશાભાઈના રમણિયા પર ચાર હાથ છે. કારણ કે હવે કોઈ રમણ માટે માગું કરતું નથી કે રમણ ઘરજમીનમાં ભાગ માગતો નથી. ને આશાભાઈને વગર પગારનો વૈતરો રમણ.... પણ એ તો બધી પટલાઈની વાતો છે. કદીક કોઈ પરાયાની સામે કામ આવે તો કદીક પોતાનાની સામેય.

મુખ્ય પાન નવલિકા ⇒

## અગમનિગમની વાત — જયંતીભાઈ પટેલ

અમેરિકામાં ન્યૂ યોર્ક અને તેમાંય વર્લ્ડ ટ્રેડ સેન્ટર એટલે જાણે આખી દુનિયાનું દિલ અને દિમાગ. એની વિશાળ અને ઝડપી લિફ્ટમાં જે કોઈ એક વખત પેઠા હોય અને એની ચારેય બાજુની દીવાલો પર દુનિયાની બધી જ ભાષામાં લખાયેલાં આવકારનાં વાકયોમાં પોતાની માતૃભાષામાં લખાયેલા આવકારના થોડાક શબ્દોને શોધવા જેણે પ્રયત્ન કર્યો હોય અને એ મળતાં જાણે પરદેશની ધરતી પર સહોદર મળ્યા જેટલો આનંદ જેણે અનુભવ્યો હોય એ એને કેમ ભૂલી શકે!

એમાં આલેખાયેલા '**ભલે પધારો**' શબ્દોએ મને વર્ષો પહેલાં પ્રતીતિ કરાવી હતી તેની યાદ તો મારા મનમાં આજે પણ એવી જ તાજી છે. એ ભવ્ય ઈમારતના દૂરદર્શી ઝરૂખાની બારીઓમાંથી જેણે એ શહેરના મેન હટન વિસ્તારની ઝાંખી કરી હોય એ એ આલમની અજાયબીરૂપ ઈમારતને કેમ ભૂલી શકે!

હજારો વેપારી પેઢીઓ અને તેના અનેક હજાર મહેકમોની કાર્યભૂમિ ને રોજનના લાખને હિસાબે ગણવા પડે એટલા ગ્રાહકો, ચાહકો ને પર્યટકોનું એ યાત્રાધામ વિસર્યું કેમ વિસરાય! પણ હવે તો એને હૈયે સંઘરી રખાય પણ નજરથી તો એ ઓઝલ થઈ ગયું કાળની એક થાપટે. એક તરંગી માણસના વિવેકહીન તરંગને કારણે હજારો માણસો એ ઈમારતોના કાટમાળ નીચે દટાઈને અકાળ મોતની ગોદમાં પોઢી ગયાં છે.

હજુ તો એ વિશાળ ઈમારતોના પર્વત જેવડા કાટમાળના ઢગલામાંથી માનવ શબોને શોધી કાઢવાની જટીલ પ્રક્રિયા ચાલે છે ત્યાં એક સમાચાર કેવીય અમંગળ શંકાઓ જગાવતા અમેરિકાને ચારેય ખૂણે ફરી વર્યા છે. દેશના એક વખતના જાસુસીતંત્રના ઊંચા હોદ્દાના ને લોકહૈયે વસેલા એવા નિવૃત અમલદાર રોક સમર્સે આપઘાત કર્યો છે. તેમના છેલ્લા પત્રમાં તેમણે જણાવ્યું છે કે તે પોતે જાતે પોતાની કાયરતાથી હારીને આપઘાત કરે છે ને વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને પેન્ટોગોનની હોનારત માટે મહદ્ અંશે પોતે જ જવાબદાર છે એ કબૂલ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે બે કલાક પહેલાં જ તેમણે એક ખુલાસાવાર નિવેદન રાષ્ટ્રના પ્રમુખશ્રીને ટપાલમાં મોકલી આપ્યું છે.

ટપાલ અને માર્ગ વ્યવહારની સ્થિતિ અત્યારે થોડી અટવાયેલી છે એટલે પ્રમુખશ્રીને તે નિવેદન હજુ પહોંચ્યું લાગતું નથી. પણ અમને કેટલાંક ખાનગી માધ્યમો મારફતે એ નિવેદનની એક સુધાર્યા પહેલાંની નકલ મળી આવી છે જે યથાવત રજૂ કરીએ છીએ. રોક સમર્સ જેવા રોકને પણ તૂટી જવું પડે એવી આ કથની વાંચ્યા પછી આપને એમ થાય કે અમારે એ જાહેર કરવા જેવી ન હતી તો અમે એ માટે અગાઉથી માફી માગી લઈએ છીએ. તેમનું એ નિવેદન આ મુજબ છેઃ

૯ - ૧૧ - ૨૦૦૧

મારા માનવંતા મિત્ર પ્રેસિડેન્ટશ્રી,

મેં આપઘાત કર્યો છે એ વાત આપને આ અગાઉ મળી ગઈ હશે. આપઘાત કરવાનું મૂળ કારણ બે વર્ષ પહેલાં ઊભું થયેલું પણ જ્યારે પેન્ટેગોન અને વર્લ્ડ ટ્રેડ સેન્ટરની હોનારત થઈ છે ત્યારે હું મારી જાતને તે માટે જવાબદાર ગણ્યા સિવાય રહી શકતો નથી.

મેં રાજીનામું આપ્યું તેનાં બે વર્ષ અગાઉ આનાથી પણ મોટી હોનારત સર્જાઈ ગઈ હતી, જેની સ્મૃતિ અમને પાંચ જણને જ હતી. ચાર જણ થાકી હારીને મરણ પામ્યા છે ને છેલ્લે હું હતો તે આજે આપઘાત કરીને મોતને વહાલું કરું છું. મારી વાત તમને પહેલી નજરે માનવા જેવી કદાચ નહીં લાગે પણ નેશનલ મ્યુઝિયમના બેઝમેન્ટનો લગભગ એક હજાર ચોરસ ફીટનો એક, સદાય બંધ રહેતો ટોપ સીકયોરિટી રૂમ આખો મારા આ નિવેદનની સાક્ષી પૂરી પાડશે. હવે આજે બે વર્ષ પછી મારી ફરજ સમજીને હું આપને આ વાત જણાવું છું કારણ કે કોઈકે તો એ વાત જાણવી જ જોઈએ. વાત માન્યામાં ન આવે તો જાતે જઈને પેલા રૂમના એકાદ દસ્તાવેજ પરથી ધૂળ ખંખેરજો એટલે મારી વાતની આપને ખાતરી થશે.

મેં રાજીનામું આપ્યું તેના પહેલાં બે વર્ષે આવી જ રીતે બે પ્લેનમાં બોમ્બ ભરીને બેય પ્લેનને હાઈજેક કરીને ઓસામ બીન લાડેનના જ માણસો હુવર ડેમ પર ધસી ગયેલા. ડેમ ઘાસના તણખલાની જેમ તૂટી ગયેલો અને તે વખતે ૨૦,૦૦૦ માણસોની જાનહાની થયેલી. આખા દેશમાં હાહાકાર વર્તી ગયેલો. મેં એક જ અઠવાડિયામાં ૪,૦૦૦ માણસોની મદદથી તપાસ કરાવેલી. તેનાં જે તારણો મેં તે વખતે તારવેલાં તે હું વિગતવાર પછીથી જણાવું છું.

આ તપાસના સંપૂર્ણ અહેવાલ તથા હોનારત પછીના લોકોના, દુનિયાના ને પાર્લામેન્ટના પ્રત્યાઘાતની વિગતો આપને મેં જણાવેલા બેઈઝમેન્ટમાં સંગ્રહાયેલાં મળશે. તે અઠવાડિયા દરમિયાનનાં જુદાં જુદાં વર્તમાનપત્રો પણ ત્યાં પડેલાં છે ને ટીવી પર જે સમાચાર અને પ્રત્યાઘાત આવેલા એ પણ ત્યાં વીડિયોમાં સઘરાયેલા છે. પણ પહેલાં તમારા મનમાં કશી દ્વિધા ન રહે એ માટે પછીની વાત પહેલી કરી દઉં.

આ હોનારત પછીને અઠવાડિયે અમે પાંચ જણા અમારી તપાસનું વિશ્લેષણ કરતા બંધ બારણે બેઠા હતા ત્યારે અચાનક જ એક વ્યકિત અમારી સામે આવીને ઊભી રહી ગઈ. અમે બારણે ડબલ લોક લગાવીને બેઠા હતા અને બહાર સીકયોરિટીના બે માણસો પહેરો ભરતા હતા છતાં એ વ્યકિત અંદર આવી એ વાત જ અમારે માટે ભયની પ્રતીતિ કરાવવા માટે પૂરતી હતી. એક તો અમે તાજા જ હોનારતથી દાઝેલા હતા તેમાં આવું બનવાથી અમે બધા ગભરાઈ ગયા હતા. પણ એ વ્યકિતની આંખોમાં કોઈ અપાર્થિવ તેજ ચમકતું હતું. અમે ભયને બદલે તેની આભામાં આવી ગયા હતા.

તેણે કહ્યું હતુંઃ 'હું બીજી દુનિયામાંથી આવું છું જે તમારી આ પૃથ્વી કરતાં વિજ્ઞાન અને સંસ્કૃતિમાં પાંચ હજાર વર્ષ આગળ છે. આમ તો મને તમારી દુનિયામાં કશો રસ નથી પણ કોઈ સંસ્કૃતિ અમારી જેમ લાંબી અને પ્રગતિકારક જિંદગી ભોગવે તો એનાથી અમને જરૂર આનંદ થાય એટલે જ્યારે તમારે ત્યાં આવી કલ્પનાતીત હોનારત થાય ત્યારે જો મારાથી શકય હોય તો મારે તમને બચાવવા જોઈએ. તમને મારી વાતમાં શ્રધ્ધા બેસતાં વાર લાગશે પણ તમારા તાળું દીધેલા આ ઓરડામાં હું જે રીતે દાખલ થઈ ગયો એ વિશે વિચારશો તો તમને મારી વાતમાં વિશ્વાસ બેસતાં વાર નહીં લાગે.

'જો તમે હવે પછી ત્વરિત પગલાં લેવાનું વચન આપતા હો અને આ વાતને સંપૂર્ણપણે ગુપ્ત રાખવાની ખાતરી આપતા હો તો હું આ હોનારત પહેલાં એક મહિનાના સમયે તમને આખી દુનિયાને પાછી મૂકી દેવા તૈયાર છું. તમારી પાસે એક મહિનાનો સમય હશે. તમે એ સમય

દરમિયાન અત્યારનાં તારણોને ધ્યાનમાં રાખીને પગલાં લેશો તો આ હોનારત થઈ શકે જ નહીં એવી પરિસ્થિતિ નિર્માણ કરી શકશો.

'આખી દુનિયાને આમાંનું કશું યાદ નહીં હોય. આખી દુનિયામાંથી તમે પાંચ જણા જ આ હોનારતની સંપૂર્ણ સ્મૃતિ ધરાવતા હશો. અને આ ઓરડો તથા તેમાં સંઘરાયેલી ચીજો જ અત્યારે છે એ સ્થિતિમાં રહેશે. તમારે કડક હાથે કામ લેવું પડશે. પણ મને ખાતરી છે કે તમે લોકો એટલા ઊંચા હોદ્દા પર છો કે તમે આ કામ કરી શકશો.'

અમને એની વાત સ્વીકારી લેવામાં કશો વાંધો ન હતો એટલે અમે તેની વાત સ્વીકારી લીધી. જો તે કહે છે એમ થઈ શકતું હોય તો અમે કડક હાથે કામ લઈશું એમ અમે મનથી નકકી કરી  લીધું. પણ પેલો કહેઃ 'હું જે કાર્ય કરવાની વાત કરું છું તેને અમે ઐશ્વરીયજ્ઞાન કહીએ છીએ, તમે લોકો તેને બ્લેક મેજિક કહો છો પણ એ તો બહુ હલકી કક્ષાની વિધિ છે. એ બેમાં ઘણો તફાવત છે, પણ તમારી સમજણ માટે એમાં ઊંડા ન ઊતરીએ તો વંધો નથી. પણ મારે એ જ્ઞાનની સામાન્ય સમજણ તમને આપી દેવી જોઈએ.

'તમે લોકો ઘણી વખત બિલાડીને નવ જિંદગીઓ હોય છે એમ કહેતા હો છો. જો કે તે વાતમાં સચ્ચાઈનો અંશ ઘણો ઓછો છે. પણ તમારી પૃથ્વીને આવી કુલ પાંચ જિંદગીઓ છે. જો તમે મારી સાથે સંમત થાવ અને હું તમને તમારી બીજી જિંદગીના પ્રવાહમાં મૂકી દઉં તો પછી તમારી પાસે ફકત ત્રણ જ જિંદગી બાકી રહેશે. આ ત્રણ જિંદગીઓમાં તમે ભૂતકાળમાં જઈ શકશો પણ એક વખત તમે જેમાં હતા એ પ્રવાહમાં તમારે જો પાછા જવું હશે તો તમારે પાછલી તથા આ નવી બન્ને હોનારતો સાથેના વિશ્વમાં પાછા જવું પડશે, કારણ કે તમે તેમાં ભૂતકાળમાં ભૂસ્કો નહીં મારી શકો. તેમાં તો તમે ફકત વર્તમાનકાળમાં જ જઈ શકશો. બોલો, તમને મંજૂર છે?'

ને અમે બધાએ તેની વાત મંજૂર કરી. બહાર નીકળીને જોઈએ છીએ તો જાણે કાંઈ બન્યું જ ન હતું. ફકત અમે જે ઓરડામાં બેઠા હતા તે ઓરડાની ચીજો જ જેમની તેમ રહી હતી. અમે બાઘાચકવા જેવા થઈ ગયા. અમે જે જોતા હતા તેને માનવાનું અમારાં મન ના પાડતાં હતાં. અમે એક બાજુ પાણીમાં તણાતાં મકાને વૃક્ષો ને માણસોને જોયાં હતાં તો બીજી બાજુ પાણી વગર ટળવળતાં માણસોને પણ અમે જોયાં હતાં.

વીસ હજાર માણસો ડૂબીને, તણાઈને, દબાઈને કે ગભરાટનાં માર્યાં બેઠાંબેઠાં જ મોતની ગોદમાં પોઢી ગયાં હતાં. આ બધું અમે અમારી નજર સામે જોયું હતું અને તલસ્પર્શી તપાસ કરીને આ હોનારત માટે જવાબદાર માણસોની યાદી પણ તૈયાર કરી હતી. અરે આવતીકાલે તો પ્રમુખશ્રી જવાબદાર આતંકવાદીઓની નશ્યત માટે જલદમાં જલદ પગલાં લેવાની અમને સત્તા આપવાના હતા.ત્યાં આજે બધું પાછું હતું તેમ થઈ ગયું હતું. દરવાજા પાસેના ટેબલ પરથી તાજું ન્યૂઝ પેપર લઈ અમે અંદરના રૂમમાં ધસી ગયા.

બારણું અંદરથી બરાબર બંધ કરી અમે પેપર ખોલ્યું. અમે જે તારીખ જોઈ ચૂકયા હતા તેના કરતાં ચાર અઠવાડિયા પહેલાની તારીખનું તે ન્યૂઝ પેપર હતું. એ જ રાબેતા મુજબની વાતો, રમત ગમતના સમાચારો, શેરબજારની ઉથલપાથલ, એકસીડેન્ટ અને ગોળીબારના સમાચારો. અમે રેડિયો ને ટીવી ચાલું કરી જોયાં, ત્યાં પણ ચાર અઠવાડિયા પહેલાંનો જ દિવસ ચાલતો હતો. અમેરિકામાં રહેતા હોય એમને નવું લાગે એવું એ સમાચારોમાં કશું ન હતું. અમે બધાએ એકબીજા સામે જોયું. ને જાણે ઝબકીને ઊભા થઈ ગયા. પેલાએ જેમ કહેલું એમ જ થયું હતું. હવે અમારે અમારું આપેલું વચન પાળવાનું હતું. અને અમારે અમારી આ વાત સંપૂર્ણ ગુપ્ત પણ

રાખવાની હતી. અમે બધા પાછા ટેબલ સામે બેસી ગયા. હવે અમારાં પગલાંનું પ્લાનિંગ કરવાનું હતું.

અમે હુવર ડેમ પરના એક મિત્રને ફોન કર્યો તો તેણે એની કાયમની ટેવ મુજબ કહ્યું : 'આટલી વહેલી સવારે તમે લોકોએ ફોન કર્યો એટલે લાગે છે કે તમારે અમારા પાણીની ક્યાંક જરૂર પડી છે.'

'શું કરીશું, કેમ કરીશું!' બધાના ચહેરા એક જ સરખા તંગ. ને અમે નકકી કરી લીધું. ગમે તેમ થાય પણ અમે અમારી જાણકારીનો લાભ લઈને જગતને આપત્તિમાંથી જરૂર બચાવીશું. પણ અમને તે વખતે એની ખબર ન હતી કે જે લોકો પેલી હોનારત નજરે જોઈ ત્યારે જેટલા આતંકવાદને નાથવા તત્પર થઈ ગયા હતા તેટલા હવે સુખને સમયે તૈયાર ન હતા. ઊલટા એ તો વધુ પડતા ચોખલિયાવેડા કરીને અમારા કામમાં અંતરાયરૂપ થતા હતા. અરે લોકોની વાત જ શા માટે, આપણી સરકારના માણસોય અમારા કામમાં વિઘ્નો ઊભાં કરી રહ્યા હતા.

હવે છેલ્લાં બે વર્ષમાં રાજકારણમાં શું થયું તેનાથી તો આપ વાકેફ છો એટલે બધું વિગતવાર કહેતો નથી. અમે સેનેટ અને કોંગ્રેસને બાજુ પર રાખીને અમારી યોજના મુજબ કરવા પ્રયત્ન કર્યા. અમે અમારી તપાસનાં જે તારણો કાઢ્યાં હતાં તે મુજબ જે ગુનેગારો હતા તેમને તો ઘટતે ફેજે પહોંચાડ્યા. હૂવર ડેમની હોનારતની તારીખ તો અમે હેમખેમ પસાર કરાવી દીધી. ને તે પછીય અમારી સફસુફી ચાલુ રાખી. પણ લોકોને હૂવર ડેમની હોનારત અંગે કશી ખબર જ ન હતી એ તો પોતાની નજર સામે સાજાસમા ને કાર્યરત ડેમને જોઈ રહ્યાં હતાં એટલે અમારું કામ વધુ મુશ્કેલ બની રહ્યું હતું.

પછી તો અમે જે કોઈ પગલાં લેવા માંડ્યાં એ બધાં અમારી આપખુદી ગણાયાં ને અમારી સામે લોકોનો રોષ વધતો ગયો. અમારામાંથી બે જણા કારના એકસીડેન્ટનો ભોગ બનીને મોતને ભેટ્યા. બીજા બે જણા પણ જેને તમે અકુદરતી મોત કહી શકો એવા મોતથી મર્યા. આજે હું પણ જાઉં છું. હવે અમે જે તારણો કાઢ્યાં હતાં તે ટૂંકમાં જણાવી દઉં, કદાચ વર્લ્ડ ટ્રેડ સેન્ટરની દુર્ઘટના પછી તમે જે તારણો કાઢ્યાં હશે તેની ઝેરોક્ષ કોપી જેવાં લાગે તો નવાઈ ન પામતા.

૧. ઓસામ બીન લાડન અને તેના ઈસ્લામ ફંડામેન્ટાલીસ્ટ આ ઘટના માટે પૂરા જવાબદાર છે.

૨. આપણી મધ્યપૂર્વનાં રાજ્યો માટેની દ્વિમુખી નીતિને કારણે આપણને મળતો ટેકો ઉપરછલ્લો જ છે. સાઉદી એરેબિયા, પાકિસ્તાન, ઈંડિયા, ઈરાક વગેરે આપણને ટેકો જાહેર કરે છે તે બતાવવા પૂરતો જ છે. અને એમાંનાં મુસ્લિમ રાજ્યો તો અંદરખાનેથી ઈસ્લામની જેહાદની તરફદારી કરનારાં જ છે. ફકત આપણી પાસે આર્થિક લાભ લેવા માટે જ એ આપણે પક્ષે હોવાનો દેખાવ માત્ર કરે છે. જ્યારે ઈંડિયા આપણી પાકિસ્તાન તરફી નીતિથી અસંતુષ્ટ છે છતાં અપણે પક્ષે રહેવાનો પ્રયત્ન કરે છે પણ આપણને પાકિસ્તાન તરફ વધુ ઢળતા જોતાં ગમે ત્યારે આપણી પાંખમાંથી નીકળી જશે.

૩. આ હોનારતમાં મુખ્યત્વે ઈસ્લામની અલગ પ્રકારની ચોકકસ પાશ્ચાદ્ભૂ ધરાવતા લોકો જ જવાબદાર હોવાનું જણાયું છે. એમાં અમેરિકાના સિટિઝન, ગ્રીન કાર્ડ ધરાવનારા અને અમેરિકામાં છૂપી રીતે ઘૂસી ગયેલા કેટલાક લોકો પણ સામેલ છે. અને નાની મોટી પચાસ જેટલી પરદેશી સંસ્થાઓ પણ એ લોકોને છૂપી રીતે મદદ કરતી હોવાનું અમારી તપાસમાં બહાર આવ્યું છે. પણ આ સંસ્થાઓ સામે પગલાં લેતાં પહેલાં અમારે તેમની સામે જે પુરાવા જોઈએ તે આ

શાંતિકાળમાં અમે મેળવી શકયા નથી. આ સાથે એવી સંસ્થાઓની યાદી તથા હૂવર ડેમ વખતની હોનારતમાં જવાબદાર વ્યકિતઓને તેમને કરેલી મદદના આંકડા સામેલ છે.

૪. આના પછી આવી બીજી હોનારતો અમેરિકા અને ઈંગ્લેન્ડમાં સર્જવાના તેમના પ્લાન હતા. (જોકે અમે એમને એવા ખોખરા કર્યા હતા કે જો તેમને ખોટું ઉત્તેજન આપાયું ન હોત તો દસ વર્ષ સુધી તો કશો વાંધો આવે તેમ ન હતો. અમારી સામેની અનેક અડચણોને કારણે ઓસામ બીન લાડેન બચી ગયો હતો, એ ખોટું થયું હતું. અને એ જ થઈને રહ્યું જે આપણે કોઈ નહોતા ઈચ્છતા.)

ઉપર જણાવ્યા તે ચાર મુદ્દા અમારા તારણના અંશ છે. પણ આ ઉપરાંત પેલા માણસે અમને જે પગલાં લેવા ખાસ ભલામણ કરી હતી તે પણ આપને જણાવવાની મારી ફરજ સમજું છું. તે ભલામણો નીચે મુજબ છેઃ

૧. આખી દુનિયાના ગોડફાધર બનીને જે મદદ અમેરિકા બીજા દેશોને કરે છે તેમાંથી આ ધર્મજનૂની રાજ્યોને મદદ આપવી બંધ કરો.

૨. આવાં રાજ્યોમાંથી અમેરિકાના વીઝા સદંતર બંધ કરી દો.

૩. તેને બદલે આફ્રિકા જેવા ખંડમાંથી ગરીબી અને ભૂખમરાની છેલ્લી કક્ષાએ પહોંચી ગયેલાં પાંચ રાજ્યોનો રાજ્ય વહીવટ બરજબરીથી હાથમાં લઈ લો. અને તેમનો આર્થિક, શારીરિક અને શૈક્ષણિક વિકાસ કરો. તમે તેમના ગોડફાધર બની રહો. યોગ્ય સમય આવ્યે તેમને તેમની પ્રજાસત્તાક સરકાર બનાવી સ્વતંત્રતા આપી દો. વખત જતાં એ બધા દેશો તમારી પૂજા કરશે.

૪. અમેરિકાનો ખનીજ તેલનો ભંડાર ઉલેચવા માંડો અને મિત્રરાજ્યોને પણ એમાંનું તેલ વેચવા માંડો. જે લોકો જગતની સાથે રહેવા માગતા ન હોય તેમને પરાણે સાથે રાખવાના મોહમાં દેશની મહામૂલી સંપતિ દુશ્મનોમાં વહેંચાઈ જવા ન દો. તમને એ ભંડાર ખલાસ થાય તે પહેલાં જ અન્ય ઊર્જા વિકલ્પો મળી જ આવવાના છે એ વાતમાં મને, પેલા માણસે કરેલી આગાહીને કારણે પૂરી શ્રધ્ધા છે.

અમે અમારાથી બનતું કર્યું, પણ થાકયા અને બધા અકુદરતી મોતને વહાલું કરીને મર્યા. તમારી પાસે તો આ હોનારતનો આખો ભંગાર છે, આપણી પ્રજાને બતાવવા માટે. અને મને ખાતરી છે કે તમે એક વખત આ ગુનેગારોને યોગ્ય નસિયત આપશો.

પછી કદાચ પેલો માણસ પાછો આવીને એના ઐશ્વરીય જ્ઞાનનો લાભ આપવા ઈચ્છે ને વર્લ્ડ ટ્રેડ સેન્ટર ને પેન્ટાગોનની હોનારત પહેલાંના મહિનામાં જગતને મૂકી આપવા તૈયાર થાય તો તેની ઈચ્છા મુજબ આગળનાં પગલાં લેવા બંધાઈ પણ શકશો.

હું તો જાઉં છું. સલાહ આપવા યોગ્ય મહાનતા ધરાવતો નથી, પણ અમે જ્યાં નિષ્ફળ નિવડ્યા છીએ ત્યાં તમે સફળ થાવ એવી શુભેચ્છાની ભાવના જરૂર રાખુ છું.

લિ. આપનો,

રોક સમર્સ.

મુખ્ય પાન નવલિકા ⇒

## ગુલાબનો ડંખ                                        જયંતીભાઈ પટેલ

રોજ સવારે એને પેલા ચર્ચ પાસેથી પસાર થવાનું થાય. એ ચર્ચ અને કબ્રસ્તાન વચ્ચેની નાનકડી પગદંડીની ધારે પાંગરેલા ગુલાબના છોડને જોઈને એના મનમાં કાંઈનું કાંઈ થઈ જાય. હજુ વસંતને શરૂ થયે પૂરું અઠવાડિયુંય થયું નથી ત્યાં એ છોડને તો કળીયોનાં ઝુમખાં બેસી ગયાં હતાં. એ રોજ નોકરી પર જતાં ને આવતાં બસ આ છોડના જ વિચારો કર્યા કરે : 'આ વગડામાં મુડદાંની વચ્ચે આવા રળિયામણા છોડાની જરૂરેય શી છે! આવો છોડ તો શોભે કોઈ મકાનના બારણાની બાજુમાંની ફૂલ કયારીમાં.'

ને તેની વાતેય સાચી હતી. એ જગ્યા જાણે મુડદાંની જ વસ્તી હતી. પાંચેક વર્ષ પહેલાં કોઈ કૉન્ટ્રાકટરે ત્યાં નજીકમાં એક સબ ડીવીઝન (સોસાયટી) બાંધવાનું સાહસ કર્યુ હતું. એણે તો કામ પણ શરૂ કરી દીધેલું અને નમૂનાનાં ચારપાંચ મકાનો બાંધી પણ નાખેલાં. પણ એ કબ્રસ્તાનનો પાડોશ કોઈને ગમ્યો હોય એમ લાગ્યું નહીં. ત્યાં મકાન લેવા કોઈ તૈયાર થયું નહીં એટલે પેલા કૉન્ટ્રાકટરને બધું છોડીને જતા રહેવું પડેલું. બનતાં સુધી એણે નાદારી નોંધાવેલી.

રોજ એને એનો એ જ વિચાર આવ્યા કરે : એ છોડને ત્યાંથી ઉખાડી લઈ પોતાના ઘરના બારણા પાસે રોપવાનો, જ્યાં એ રોજ સાંજે નોકરી પરથી આવીને ખાધા પછી ખુરશીમાં બેસીને સવારનું બાકી રહેલું છાપું વાંચતો હતો. પણ એને આવો વિચાર આવતાંની સાથે એક બીજો વિચાર પણ આવી જાય : 'ચર્ચના બાગમાંથી ચોરી કરવી ઠીક ન ગણાય.' ને પેલો વિચાર જેવો આવ્યો હોય એવો જ પછો સંકેલાઈ જાય.

એક સવારે એ ચશ્માંની ફ્રેમની ફેકટરી પરની પોતાની નોકરી પર જવા નીકળ્યો ત્યારે તેની નજર પેલા છોડ પર પડી. બેચાર ડગલાં ચાલીને એ ઊભો રહી ગયો. એટલી વારમાં તો ફૂલ પણ ખીલી ગયાં કે શું! તે વિચારી રહ્યો, સ્હેજ અચકાયો ને પગ જાણે પોતાની જાતે જ એ તરફ વળતા હોય એમ તે પાછો વળ્યો. આજે તો એણે એ છોડને બહુ નજીકથી અને ખાસ કાળજીથી જોયો. ખરેખર મસ્ત છોડ છે, તણે વિચાર્યું. તણે ખાતરી કરી લીધી કે હજુ ફૂલ ખીલ્યું ન હતું. કળી જો કે થોડી ઊઘડી જરૂર હતી.

ને પેલું આવળચંડું મન બીજું કાંઈ આગળ વિચારે તે પહેલાં એણે નોકરી પર જવા પગ ઉપાડ્યા. છતાં આખે રસ્તે એને બસ એ છોડના જ વિચારો આવ્યા કર્યા. એ કળી કાલે નહીં તો પરમ દિવસે તો જરૂર ખીલી જશે. દશેક દિવસમાં તો એ આખો છોડ જ ફૂલોથી ઢંકાઈ જશે. પછી બેત્રણ મહિના સુધી એના પર ફૂલ ખૂટશે જ નહીં, એના પગ જેટલી ઝડપથી ઊપડતા હતા એટલી જ ઝડપથી એના મનમાં વિચારો ઊમટતા હતા.

એ સાંજે નોકરી પરથી પાછા ફરતાં એણે લગભગ નકકી જ કરી નાખ્યું, જે થવાની હોય એ થાય પણ આજે રાતના જ એનો ફેંસલો કરી નાખવો છે. અહીં વગડામાં એને જોનારુંય કોણ છે! નવું ચર્ચ થયા પછી કોઈ એ તરફ આવતું જ કયાં હતું! ગામમાં કોઈ મરી ગયું હાસ્ય અને એને

દફન કરવાની વિધિ કરવાની હોય ત્યારે બધા અહીં આવે છે. પછી અહીં વગડામાં એક ફૂલ ખીલ્યું તોય શું ને ન ખીલ્યું તોય શું! જો કોઈ એને જોનારું જ ન હોય તો એના અહીં ખીલવાનોય શો અર્થ! એના મનનો એક ખૂણો એના આવા વિચારોને અનુમોદન આપી રહ્યો.

ને એ અંધારી રાતે મધરાત વીત્યા પછી એ ઊપડ્યો. ચર્ચના ખૂણા પરની બત્તીના આછા ઉજાશમાં એણે છોડની ચારે બાજુ કાળજીથી ખોદ્યું. પછી એણે બહુ કાળજી રાખી ગુલાબના એ છોડને ઊંચકવા પ્રયત્ન કર્યો. છોડને ઊંચકતાં તેના બન્ને હાથમાં થોડા કાંટા પેસી ગયા પણ એની આજે એને પરવા ન હતી. આટલી મોડી રાતના કોઈ જાગતું હોવાની શકયતા ન હતી છતાંય એ લપાતોછૂપાતો પોતાને ઘેર પહોંચ્યો. એણે સમીસાંજથી પાછળના બારણા પાસે એક ખાડો કરી રાખ્યો હતો તેમાં એણે એ છોડને રોપ્યો ને ખામણામાં એક ઘડો પાણી રેડીને એ સૂઈ ગયો. બીજે દિવસે નોકરી પર જવાનું હતું ને.

પણ નોકરી પર એને તે દિવસે મજા ના આવી. એક તો એને ગઈ કાલનો લગભગ આખી રાતનો ઉજાગરો હતો ને હાથમાં પેલા કાંટા વાગ્યા હતા એનો દુખાવો એને થયા કરતો હતો. રાતે એણે એ કાંટા વાગેલા હાથે જ પેલા ખાડામાં માટી પૂરી હતી અને હાથ પણ પૂરા ધોયા ન હતા. વળી હાથમાં વાગેલા કાંટા કાઢી નાખવાનું પણ એ વિસરી ગયો હતો. પછી એના પર દવા લગાડવાનું તો તેણે કર્યું જ કયાંથી હોય! ઘેર જઈ આ હાથનું કંઈક કરવું પડશે એણે વિચાર્યું.

ને ફેક્ટરી પર અષ્ટમપષ્ટમ સમજાવીને તે ઘેર જવા નીકળ્યો. ઘર તરફ આવતાં પેલા ચર્ચ આગળ છોડની ખાલી પડેલી જગ્યા પર એની નજર ગઈ જ. નિશાળમાંથી છૂટીને આવેલાં બેચાર છોકરાં ત્યાં આસપાસમાં રમતાં હતાં. તેણે નજરને પાછી ફેરવી લીધી.

ઘેર આવી એણે હાથમાં વાગેલા પેલા કાંટા સોયથી કાઢી નાખ્યા. પછી એણે બેય હાથ બરાબર ધોઈને એના પર એન્ટીસૅપ્ટિક મલમ લગાડ્યો. હાથમાં જે બળતરા થતી હતી તેમાં આ મલમ લગાડ્યાથી થોડી રાહત થઈ. પછી એની નજર પેલા છોડ પર ગઈ. છોડ થોડો ચીમળાયેલો લાગતો હતો. પણ એવું થશે એમ એને પહેલેથી જ ખબર હતી એટલે એને એમાં કશો વાંધો ન જણાયો. એમ ન થાય એ માટે છોડનાં મૂળિયાંને જરાય નુકશાન ન થાય એની બને એટલી કાળજી એણે લીધી હતી. પણ રાતના અંધારામાં થોડાં મૂળિયાં કપાયાં પણ હશે. ને જગ્યા બદલાય એટલે કોઈ પણ છોડ આંચકો તો ખાય જ એની એને ખબર હતી જ.

એ રાતેય એને બરાબર ઊંઘ ન આવી. બેય હાથ પર દવા લગાડી હતી એટલે એ દવા લુછાઈ ન જાય અથવા ચાદર કે ઓશિકાંના ગલેફ પર ન લાગી જાય એમ સૂવાની મથામણમાં જ એની મોટા ભાગની રાત વીતી ગઈ. બાકીની રાત હાથના દુખાવાને કારણે દર્દમાં પસાર થઈ ગઈ. એક તો આગલી રાતે પૂરું ઊંઘાયું ન હતું અને બીજી રાતે પણ એવું થયું એટલે બીજે દિવસે ફેક્ટરી પર પણ કામમાં તેનું મન ચોટ્યું નહીં. પેલા ટાલિયા ઉપરી અધિકારીનો ઠપકો સાંભળવો પડ્યો એ નફામાં. એનું મન ખિન્ન થઈ ગયું.

એ સાંજે ઘેર આવી એણે પેલા છોડને પાણી પાયું અને ખાધા પછી, ઊંઘવાની ગોળી લઈ એણે ઊંઘી જવા પ્રયત્ન કર્યો. પણ એને પેલા છોડના જ વિચારો આવ્યા કર્યા. આજે એ છોડ થોડો

વધુ ચીમળાયેલો નહોતા લાગતો શું! પણ પેલી ગોળીએ અસર કરી અને મોડેમોડેય એને ઊંઘ આવી ગઈ. એટલું સારું હતું કે રાતે સ્વપ્નામાં એ છોડ નહોતો આવ્યો.

જરૂર જેટલું ઊંઘાયા છતાં બીજે દિવસે પણ તેને થોડી બેચેની જણાતી હતી. આજે તેના હાથમાં વધુ બળતરા થતી હતી. એણે ધારીને જોયું તો જણાયું કે બન્ને હાથમાંના કાંટાના ઘા પાકી ગયા હતા. આજે ફેકટરીમાં જઈનેય તેનાથી કશું કામ થઈ શકશે નહીં એમ તેને લાગ્યું ને પેલા ટાલિયા બોસનો ઠપકો સાંભળવાની તેની તૈયારી ન હતી એટલે એણે ફોન કરીને માંદગીની રજા મૂકી દીધી.

એને થયું કે દાકતરને બતાવ્યા સિવાય નહીં ચાલે. એ દાકતર પાસે ગયો. દાકતરે દવા લગાવી આપી ને ગોળીઓ લખી આપી. પણ કેમ કરતાં આટલાબધા કાંટા વાગ્યા એવા ઘણા સવાલો કર્યા. દાકતરો આવા નકામા સવાલો શુ કામ પૂછતા હશે, તેણે વિચાર્યું. તેને પોતાની જાત પર ગુસ્સો આવ્યો. ગામમાં તેના સિવાય પણ બીજા ૪૧ દાકતરો છે પછી પોતે એની જ પાસે શા માટે ગયો? ને દવાના સ્ટોર પર દવા લેવા ગયો.

બીજે દિવસે પણ તેને ઠીક ન હતું. હાથમાં વધુ દુખાવો થતો હતો. દવાની ખાસ અસર થઈ હોય એમ લાગતું ન હતું. બેય હાથમાં પાક થઈ ગયું હોય એમ લાગતું હતું. ફેકટરી પર જવાનો કોઈ અર્થ ન હતો. તે પાછલા બારણા પાસે ઓટલા પર ખુરશી મૂકીને ગુલાબના છોડને તાકતો બેઠો. પછી તેણે સૂઈ જવા પ્રયત્ન કર્યો. પેલા દુખાવાને લીધે તેને ઊંઘ તો આવે તેમ ન હતી. તેણે મોડી રાત સુધી પાસાં ઘસ્યા કર્યાં. આ હાથથી તો કંટાળ્યા, તે સ્વગત બબડ્યો. ઊંઘ ન આવે ત્યાં સુધી કશું વાંચવાનો પણ તેને વિચાર આવ્યો પણ ચોપડી કાયા હાથે પકડે! આખી રાત તે પીડાથી કણસતો રહ્યો.

દાકતરની દવા અને તેની અનેકવિધ કાળજી છતાં એનો દુખાવો વધતો જ ગયો. ને એક અઠવાડિયામાં તો તેના બન્ને હાથ ફદ્ફદી ગયા. દુખાવાને લીધે હવે તો તેને તાવ પણ આવવા માંડ્યો. લાચાર બની તે પીડામાં તડપતો રહ્યો. એકબે પાડોશી આવીને ખબર પૂછી ગયા, એક જણાએ તેને માટે ખાવાનું પણ મોકલ્યું. અચાનક તેને અહેસાસ થયો કે કબ્રસ્તાનનો પેલો છોડ એકલો નથી આવ્યો પણ સાથે શાપનું પોટલું લઈને આવ્યો છે. તેના મનમાં ઊગી નીકળ્યું કે એ છોડને એની જગ્યાએ પાછો રોપી આવવો જોઈએ. પણ કેવી રીતે! પોતાનાથી તો હવે પથારીમાંથી ઊઠવાનાય હોશ નથી.

છતાં મહાપરાણે તે ઊભો થયો અને પેલા છોડ પાસે લથડતે પગલે પહોંચ્યો. નીચો નમી એ છોડને જાણે કશું કહેવાના પ્રયત્નમાં એ લથડિયું ખાઈ ગયો. કશાનો આધાર લેવા લંબાયેલા હાથમાં બારણાની સાખ આવી ને બીજી જ ક્ષણે એના હાથમાં એવી બળતરા ઊઠી કે તેની આંખમાં પાણી આવી ગયાં. સાખ તેના હાથમાંથી છૂટી ગઈ ને એ ગુલાબના છોડ પર જ ફસડાઈ પડ્યો. પેલો છોડ પણ ઊખડીને તેની નીચે ચોપાઈ ગયો.

ગુલાબના કાંટા તેની છાતીમાં ભોંકાઈ ગયા. લાચાર બની તે વેદનાથી કણસતો રહ્યો. હાંક મારી કોઈને બોલાવવા એણે પ્રયત્ન કર્યો પણ એના ગળામાંથી અવાજ જ નીકળી શકયો નહીં.

સવારમાં એક પાડોશી એની ખબર કાઢવા આવ્યો ત્યારે એણે જોયું કે પેલો જાણે ગુલાબના છોડને ભેટીને પડ્યો હતો એ ગુલાબના છોડની જેમ જ નિષ્પ્રાણ.

⇐ ગુજરાતી સાહિત્ય મુખ્ય પાન નવલિકા ⇒